# " ઉદયનકથા પર આધારિત નાટકોમાં કવિ ભાસનો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ "

ડૉ. દિનકર એચ. ગવલી.
એસો. પ્રોફેસર.
કવિશ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ બોટાદ.

સંસ્કૃત નાટ્યસાહિત્યમાં એક નાટ્યકાર તરીકે ભાસ નામના અતિ પ્રાચીન અને સુપ્રસિધ્ધ નાટ્યકારનું ખૂબ ગૌરવભર્યું અને મહત્વનું સ્થાન છે. મહાકવિ કાલિદાસ જેવા સમર્થ કવિકુલગુરુએ પોતાના માલવિકાગ્નિમિત્રમ્ નાટકમાં જેમને ' प्रथितयशस '( પ્રસિધ્ધ યશવાળા ) કહીને ભાવભરી અંજલિ આપી છે.[૧] ગદ્યકાર બાણભટ્ટ હર્ષચરિતમાં પૂર્વસૂરિઓની પ્રશસ્તિ કરે છે, અને ભાસનો આદરપૂર્વક ઉલ્લેખ કરી તેના નાટકોને દેવમંદિરો સાથે સરખાવે છે. [૨] વાક્પતિરાજ તેના પ્રાકૃત મહાકાવ્ય ' गउडवहो ' માં ભાસને ' જલણમિત્ર ' ( અગ્નિનો મિત્ર ) કહે છે. [૩] પ્રસન્નરાઘના કવિ જયદેવે જેને કવિતા કામિનીના ' हास ' તરીકે બહુમાન આપેલ છે. કવિ દંડી ભાસને એની કૃતિઓથી અમર બની ગયેલો જણાવે છે. [૪] માત્ર પ્રાચીન વિદ્વાનોએ જ નહિ, અર્વાચીન વિદ્વાનોએ પણ ભાસની નાટ્યકાર તરીકેની કલાસિધ્ધિનો નિઃસંકોચ સ્વીકાર કર્યો છે. " વસ્તુ અને સ્વરૂપ એમ બંને પ્રકારનું વૈવિધ્ય ધરાવતા એના રૂપકોમાં એની નાટકકાર તરીકેની લાક્ષણિકતાઓ અને સિધ્ધિઓનાં દર્શન થાય છે એવું એમ. આર. કાળે નામના વિદ્વાન કહે છે. [૫] મહાકવિ ભાસ એક આદર્શ નાટ્યકાર તરીકે પરવર્તી નાટકકારો માટે પ્રેરણામૂર્તિ બનીને સંસ્કૃત સાહિત્યમાં મોટું પ્રદાન કર્યુ છે.

ભાસનાં બે નાટકો પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ અને સ્વપ્નવાસવદત્તમ્ – ઉદયનની આખ્યાયિકા પર આધારિત છે. ઉદયનની આખ્યાયિકાનાં મૂળ પૈશાચી પ્રાકૃત ભાષામાં લખાયેલી કવિ ગુણાઢયની બૃહત્કથામાં છે, જોકે આ ગ્રંથ લુપ્ત થયો છે. તેના આધારે રચાયેલા સોમદેવકૃત ' કથાસરિત્સાગર ' ક્ષેમેન્દ્રકૃત ' બૃહત્કથા મંજરી ' અને બુધ્ધસ્વામીકૃત ' બૃહત્કથાશ્લોકસંગ્રહ ' માં જોવા મળે છે. કવિ બંને નાટકોમાં સંવિધાન પર ભાર મૂકયા વગર જ સીધા કાર્યવેગને આગળ ધપાવવાનો પ્રયત્ન કરે છે. ભાસે આ નાટક માટે પ્રસિધ્ધ લોકકથાનો ઉપયોગ કરીને લોકમાનસની પરમશકિતનો પરિચય કરાવ્યો છે. કથાનો ઉપયોગ તેમણે માનવમનના ભાવોનું નિરૂપણ કરવામાં કર્યો છે. તેણે સ્ત્રી અને પુરુષની માનસિક અવસ્થાઓને બંને નાટકોમાં દર્શાવી છે. ભાસ એક ઉત્તમ કોટીનો નાટ્યકાર છે. માનવમનનું ઊંડુ અને તલસ્પર્શી આલેખન કરવામાં ભાસ અત્યંત આધુનિક અને મનોવૈજ્ઞાનિક સુઝ ધરાવતો પ્રથમ પંકિતનો નાટ્યકાર સાબિત થાય છે. આ ભાસની પરિણત પ્રજ્ઞાનું સર્વોત્કૃષ્ટ સર્જન છે.

ભાસની નાટયકલામાં સૌથી વિશેષ ધ્યાન ખેંચે તેવો મુદ્દો તેની માનસશાસ્ત્રીય દષ્ટિ છે. કવિ પાત્રના બાહ્ય વિકાસ કરતાં તેની આંતરિક સ્થિતિ પર જ વિશેષ ધ્યાન આપે છે. સ્વપ્નવાસવદત્તમ્ નાટક આ રીતે માનસશાસ્ત્રીય નાટક છે. શ્રી જી.કે. ભટ્ટ નામના વિદ્વાન કહે છે કે ' બાહ્ય ઘટનાઓને સ્થાને જે પ્રસંગોથી નાટયવસ્તું વિકસતુ દેખાય છે તે વાસવદત્તાના મનમાં ચાલતો વિચાર સંઘર્ષ જ આ નાટકનું સાચું કેન્દ્ર સ્થાન છે. ' [૬] સ્વપ્નવાસવદત્તમ્ નાટકના જુદા જુદા પ્રસંગો નાટકકારના માનસશાસ્ત્રીય વસ્તુનિરૂપણનો પરિચય કરાવે છે. કવિએ વાસવદત્તાના મનોવ્યાપારોને કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રસંગોની ઉદ્ભાવના કરી છે. તપોવનમાં પસાર થતી વાસવદત્તાની પદ્માવતીના સૈનિકોએ જે રીતે ઉત્સારણા કરી ત્યાંથી એની વિષમતા અને વિટંબણાઓનો પ્રારંભ કરી કવિ ક્રમે ક્રમે કૌતુકમાલા ગુંફનના પ્રસંગમાં એની મનોવ્યથાને પરાકાષ્ઠાએ પહોંચાડે છે. જે પતિને ખાતર એણે અસહ્ય

વિરહયાતના અનુભવી એને જ પોતાની નજર સમક્ષ પરકીય થતો જોવો પડયો. એટલું જ નહિ પણ એ પરકીયતાના પ્રતીકસમી લગ્નમાળા પણ પોતાને જ ગૂંથવાની આવી તેથી તે ભાંગી પડે છે. 'एतदपि मया कर्तव्यमासीत, अहो अकरुणाः खल्वीश्वराः ।' એમ કહી તે પોતાનો ઊંડો સંતાપ અભિવ્યકત કરે છે. આમ ઉત્તરોત્તર વધુને વધુ વ્યથાનો ભોગ બનેલી વાસવદત્તા પ્રમદવનમાં જયારે રાજાના નિર્વ્યાજ પ્રેમ પ્રગટ કરતા શબ્દો સાંભળે છે ત્યારે ' भवतु भवतु दतं वेतनमस्य परिखेदस्य, अज्ञातवासोऽप्यत्र बहुगुणः संपद्यते ।' (મનમાં) બસ. બસ.આ દુ:ખનો બદલો મળી ગયો. અહીં અજ્ઞાતવા પણ બહુ લાભદાયક નિવડયો. અજ્ઞાતવાસ અનેક વિટંબણાઓ વચ્ચે વાસવદત્તાના ચિત્તનું આ રીતે કરવામાં આવેલું સમાધાન અત્યંત નાટ્યાત્મક છે. અને ઉત્તરરામચરિતના છાયા સીતા દશ્યમાં સીતાના મનના સમાધાનનું સહજ સ્મરણ કરાવે છે. ૭

કવિ ભાસે પાત્રોના આલેખનમાં ઘણી કાળજી લીધી છે. પ્રાચીન કથાઓમાં રજૂ થતાં પાત્રોના આદર્શો અને જીવન પ્રત્યેના દષ્ટિકોણને કવિએ પોતાની રીતે રજૂ કર્યા છે.પાત્રોના આંતરિક વ્યકિતત્વના આલેખનમાં એણે સવિશેષ કાળજી રાખી છે. જુદા જુદા પાત્રોના આલેખનમાં રાખવામાં આવેલો માનસશાસ્ત્રીય હેતુ નાટકને અપૂર્વ અને અદ્વિતીય બનાવે છે. પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ નાટકમાં ઉદયનનું સૌથી મોટું બળ તેનો અમાત્ય યૌગન્ધરાયણ છે. પ્રદ્યોત મહાસેનના સકંજામાંથી ઉદયનને છોડાવવાનું કામ ઘણું મુશ્કેલ હતું એટલે જ યૌગન્ધરાયણ પ્રતિજ્ઞા લઈને તે પાર પાડવા કમર કસે છે. નિરાસામાં પ્રતિજ્ઞા તરફ જતા યૌગન્ધરાયણના માનસની કવિએ કુશળતાથી માવજત કરી છે. દ્વૈપાયન પ્રસંગમાં યૌગન્ધરાયણના મનમાં ગાંડાનો વેશ લઈને ભાવિ માર્ગે સફળતાથી જવાનું સૂચન કરે છે. હંસકવૃતાંત્ત દ્વારા ઉદયન પકડાયો એ અકલ્પ્ય પ્રસંગની જાણ યૌગન્ધરાયણને જાણ થાય છે. ઉદયન મૂર્છા પામ્યા તે જાણી ખૂબ જ વ્યથિત થાય છે. અહીં તેમનો સ્વામીપ્રેમ દેખાય છે. વૃત્તાંતની મુખ્ય અસરો મનોવૈજ્ઞાનિક છે. પ્રતિજ્ઞાયૌગન્ધરાયણના બીજા અંકના અંતે પોતાની ઉદયન પ્રત્યેની વિચિત્ર માનસિક અવસ્થાનું બયાન કરતાં મહાસેન કહે છે.

पूर्वं तावद वैरमस्यावलेपादानीतेऽस्मिन स्यादा मध्यस्थता मे ।
युद्धक्लिष्टं संशयस्थं विपन्नं श्रुत्वा त्वेनं संशयं चिन्तयामि ।।

ઉદયનના ગર્વને કારણે પહેલાં મને તેની સાથે વેર હતું પછી તે પકડાયો એટલે મારું મન તટસ્થ થઈ ગયું, પછી તે યુધ્ધમાં ઘવાયો છે, અને તેનું જીવન જોખમાયું છે. તે સાંભળીને મને તેની ચિંતા થાય છે. મહાસેનના મનના આ વળાંકો ઉપરથી ઉદયન સાથેના સબંધોનું દિશાસૂચન મળી આવે છે. ઉદયનકથા પર આધારિત ભાસના બંને નાટકોમાં કવિએ તેની રજૂઆત મૌલિક રીતે કરી છે. ખાસ કરીને વાસવદત્તા અને યૌગન્ધરાયણના પાત્રને કેન્દ્રમાં રાખીને કેટલાક પ્રસંગોની ગુંથણી કરી છે. અને જુદા જુદા પાત્રોનું મનોવૈજ્ઞાનિક નિરૂપણ કર્યુ છે. અંતે ભાસ વિશે એટલું તો કહી શકાય કે એમની નાટયકલામાં સૌથી વિશેષ ધ્યાન ખેંચે એવું તેની માનસશાસ્ત્રીય દષ્ટિ છે.

'સ્વપ્નવાસવદત્તમ્' નાટકમાં મહાકવિ ભાસે પાત્રોનું મનોવિશ્લેષણ, મનોમંથન પ્રગટ કર્યુ છે. કવિએ આ નાટકમાં ઉદયન અને વાસવદત્તા બંનેના હૃદયની વ્યથાને રજૂ કરી છે. પ્રથમ અંકની શરૂઆતમાં મગધના તપોવનમાં રાજયના નોકરો દ્વારા ઉત્સારણા થાય છે ત્યારે પોતાની પણ અવગણના કરવામાં આવશે એવું જાણીને વાસવદત્તાને ખરેખર દુ:ખ થાય છે, પરંતુ બીજા અને ત્રીજા અંકમાં નારીના દિલની વ્યથા વ્યગ્રતા વાસવદત્તાના મનોવિશ્લષણ–મનોમંથન તરીકે રજૂ કરે છે. બીજા અંકમાં પદ્માવતીના લગ્નની ઉતાવળથી વાસવદત્તા મનમાં મુંઝાય છે. વાસવદત્તાના સ્ત્રીસુલભ રીતે જન્મતા ગુપ્ત સ્પંદનો ભાસે બહુ ચાતુર્યપૂર્ણ રીતે આલેખ્યા છે. અલબત્ત વાસવદત્તાની માનસિક ભૂમિકાથી પદ્માવતી તદ્દન અજાણ છે. વાસવદત્તાનું ગર્ભિત મૌન નાટકને અનેરું આકર્ષણ બક્ષે છે. પદ્માવતીનું ઉદયન સાથેનું વેવિશાળનક્કી થયા પછી પણ વાસવદત્તા આઘાત–પ્રત્યાઘાત અનુભવે છે. અલબત્ત

મૂંગા મોઢે વેદનાને પી જવી તે વાસવદત્તાને માટે ધર્મ બન્યો છે. આમ બીજા અંકમાં પ્રસંગો ઓછા છે છતાં વાસવદત્તાના પાત્રની માનસશાસ્ત્રીય સ્થિતિ સમજાવવા માટે આ અંક અત્યંત અગત્યનું કાર્ય સાધી આપે છે.

નાટકના ત્રીજા અંકમાં કૌતુકમાલા ગુંફન પ્રસંગમાં ઉદાર દિલે કારમી વ્યથાને સહન કરતી વાસવદત્તાનું પાત્ર મહાન લાગે છે. ચોથા અંકમાં વિદૂષક અને રાજાનો સંવાદ છે. સંવાદને અંતે વિદૂષક વાસવદત્તાના અવસાનની યાદ તાજી કરે છે. રાજા કહે છે – अनेन परिहासेन व्याक्षिप्तं मे मनस्त्वया । ( આ પરિહાસથી તેં મારું મન વિક્ષિપ્ત બનાવી દીધું ) યૌગન્ધરાયણની યોજના મુજબ વાસવદત્તમ્ નાટકમાં માનસશાસ્ત્રીય હેતુ સિધ્ધ થાય છે. સિધ્ધ જયોતિષીઓના આદેશ મુજબ પદ્માવતી સાથે ઉદયનનાં લગ્ન થવાનાં જ હતા તેમાં મુશ્કેલી ન હતી તેથી લાવાણકમાં વાસવદત્તા બળી ગઈ એવી અફવા ફેલાવી શોક કરતા ઉદયનને રુમણ્વાન મંત્રીના હાથમાં સોંપી યૌગન્ધરાયણ પરિવ્રાજકના વેશમાં મગધના તપોવનમાં આવી પદ્માવતીના હાથમાં વાસવદત્તાની સોંપણી કરે છે. અહીં રાજકીય હેતુ સાથે તે માનસશાસ્ત્રીય હેતુને પણ સિધ્ધ કરે છે.

## : સંદર્ભ ગ્રંથસૂચિ :


૧) कालिदासः मालविकाग्निमित्रम ।
प्रथितयशसां भाससौमिल्लककविपुत्रादीनां प्रबन्धानतिक्रम्य वर्तमानकवेः कालिदासस्य क्रियायां कथं परिषदो बहुमानः ।

२) बाण - हर्षचरितं ।
सूत्रधारकृतारम्भैर्नाटकैर्बहुभूमिकैः ।
सपताकैर्यशो लेभे भासो देवकुलैरिव ।।

૩) વાક્પતિરાજ – ગઉડવહો
भासम्मि जलणमिते -------आणन्दो ।

૪) દંડી – અવંતીસુંદરીકથા
परेतोऽपि स्थितो भासः शरीरैरिव नाटकैः ।

૫) M. R. Kale - Svapnavasvdatta – p. 23

૬) શ્રી. જી. કે. ભટ્ટ – સ્વપ્નવાસવદત્તમ્ ( પ્રસ્તાવના )

૭) ભવભૂતિ – ઉત્તરરામચરિત.


--------------